

PRATHAM BOOKS
A Book in Every Child's Hand

વાચન સ્તર ૨

# કેળાં જ કેળાં.. ઘણાં બધાં કેળાં


**Author:** Rohini Nilekani
**Illustrator:** Angie & Upesh
**Translator:** Ragini Chhaya



શ્રીંગેરી શ્રીનિવાસનો દિવસ આજે ખૂબ જ ખરાબ હતો.
કોઇને પણ એના ખેતરમાં ઊગતાં મીઠાં, પાકાં કેળાં નહોતાં જોઇતાં.



તેના પરિવારને નહીં.
ના તો તેના પાડોશીને.
ના તેના મિત્રોને.



ના તો એ વેપારીઓને કે જે દૂરનાં બજારોમાં કેળાં વેચી શકતા હતા.
અને તેની ગાયોને પણ જોઇતાં નહીં.



તો સૌએ કહ્યું "આભાર, બસ હવે, તમારા કેળાં ખૂબ મીઠાં મજાનાં છે પણ અમે બહુ ખાધાં. આનાથી વધારે નહીં ખવાય. ''



બિચારો શ્રીંગેરી શ્રીનિવાસ!
હવે આ કેળાંની ભરપૂર ઉપજનું શું કરવું?



તેણે નક્કી કર્યું કે ગામની નજીક એક ડોડ્ડુરૂ નામનું શહેર છે ત્યાંના ખેડૂત કેન્દ્ર પાસેથી મદદ મેળવીશ.




અને તે સરસ મજાનાં કેળાં તેના ગાડાંમાં ભરીને ઉપડ્યો. વિચારતો હતો કે જરૂર ત્યાં મને કોઇ સારો રસ્તો સુઝાડશે.




થોડા દિવસો પછી, શ્રીંગેરી શ્રીનિવાસ ખુશખુશાલ ઘેર પાછો આવ્યો.
તેણે તેના ખેતરમાં ફરીથી કેળાંની ખેતી શરૂ કરી.



પરંતુ આ વખતે તેણે કેળાં ખાવા માટે કોઇને પણ ના પૂછ્યું.



તેના પરિવારને પણ નહીં.
ના તો તેના પાડોશીને.
ના તો તેના મિત્રોને.




ના તો એ વેપારીઓને જે દૂરના બજારોમાં કેળાં વેચી શકતા હતા.
અને તેની ગાયોને પણ નહીં !



બધાને ખૂબ આશ્ચર્ય થયું.
આખરે આટલાં બધાં કેળાં જાય છે ક્યાં ?



એક દિવસ તેના પાડોશી શિવન્નાએ પોતાને ઘેર મોટી પૂજાનું આયોજન કર્યું.



પૂજારીએ ભગવાનને પ્રસાદ ધરાવવા ૧૦૮ પાકાં કેળાં મંગાવ્યાં.



શિવન્ના તરત શ્રીંગેરી શ્રીનિવાસ પાસે દોડ્યો.

"મને માફ કરો. મેં પહેલા ના પાડી, પણ હવે મારે ૧૦૮ પાકાં કેળાં જોઇએ છે. મને મદદ કરશો?"



શ્રીંગેરી શ્રીનિવાસે દાઢી પર હાથ રાખી ખૂબ વિચાર્યું.
"આમ તો મારાં ખેતરના પાકની કાપણી થઇ ચૂકી છે. પણ જોઉં છું, મારાથી બનતો પ્રયત્ન કરીશ. તમે પૂજા શરૂ કરો. હું ચોક્કસ આવીશ."



પૂજા શરૂ થઇ.
આખું ગામ પૂજા માટે આવ્યું.
પૂજારીએ મંત્રો શરૂ કર્યા.



જલ્દી જ ભગવાનને કેળાં ધરાવવાનો સમય થઇ ગયો.




ત્યારે જ શ્રીંગેરી શ્રીનિવાસ એક મોટો થેલો લઇને આવી પહોંચ્યો.




થેલામાંથી તેણે સંભાળીને ૨૭ પેકેટો બહાર કાઢ્યાં અને હવનકુંડની પાસે મૂકી દીધાં.
દરેક પેકેટ ખૂબ સરસ રીતે કેળાંના પાનમાં વીંટાળેલું હતું.
દરેક પેકેટ પર લખેલું હતું-
"ઉત્તમ ગુણવત્તાવાળો કેળાંનો હલવો, એસ. એસ. ફાર્મ્સ"



શ્રીંગેરી શ્રીનિવાસે એક પેકેટ પુરોહિતને આપ્યું.



"દરેક પેકેટમાં ૪ કેળાંનો માવો છે. કુલ ૨૭ પેકેટ છે. તો આ રહ્યાં તમારા ૧૦૮ પાકાં કેળાં!"



પુરોહિત તો અવાક જ રહી ગયા.
અને બિચારા મંત્રો જ ભૂલી ગયા.
બધાં જ ચૂપ હતાં. એવામાં એક છોકરી ખડખડાટ હસવા લાગી.



થોડીવારમાં તો આખું ગામ હસવા લાગ્યું. અને સૌ તાળી પાડવા લાગ્યા.



હવે આપણને સૌને ખબર છે કે શ્રીંગેરી શ્રીનિવાસ તેના કેળાંના પાકનું શું કરે છે!



**શું તમે જાણો છો ?**

**કેળાં વિશેની હકીકત.....**
કેળાંનું અંગ્રેજી નામ 'બનાના' અરબી ભાષાના 'આંગળી' શબ્દ પરથી પડ્યું છે.

વિશ્વભરમાં ભારત કેળાંનું સૌથી મોટું ઉત્પાદક કેન્દ્ર છે. અહીં ૧૨૦ જાતનાં કેળાં ઊગે છે.

ત્રિચીમાં નેશનલ રિસર્ચ સેન્ટર ઓફ બનાનાઝમાં ૧૧૨૦ કેળાંની જાતનો સંગ્રહ છે.

કેળાંમાં ખનિજ છે જે મગજને શક્તિશાળી બનાવે છે. કેળાં વિદ્યાર્થીઓને સજાગ બનાવી અને સ્ફુર્તિ આપે છે.
ઘણી ભારતીય મિઠાઈઓ કેળાંમાંથી બને છે. કેરળમાં કેળાં પાયસમ, કર્ણાટકમાં બનાના રસાયણ કેળાંનો હલવો, રવા કેળાં-ગોળની મિઠાઈ. શું તમે બીજી મિઠાઈઓના નામ જાણો છો?

PRATHAM BOOKS storyweaver

This book was made possible by Pratham Books' StoryWeaver platform. Content under Creative Commons licenses can be downloaded, translated and can even be used to create new stories - provided you give appropriate credit, and indicate if changes were made. To know more about this, and the full terms of use and attribution, please visit the following link.

## Story Attribution:

This story: કેળાં જ કેળાં.. ઘણાં બધાં કેળાં is translated by Ragini Chhaya . The © for this translation lies with Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Based on Original story: 'Too Many Bananas', by Rohini Nilekani . © Pratham Books , 2010. Some rights reserved. Released under CC BY 4.0 license.

## Other Credits:

This book has been published on StoryWeaver by Pratham Books. The print version of 'Too Many Bananas' has been published by Pratham Books with the support by Nikki Gulati. Pratham Books is a not-for-profit organization that publishes books in multiple Indian languages to promote reading among children. www.prathambooks.org

## Images Attributions:

Cover page: Man and bananas, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 2: Man carrying pile of bananas, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 3: People talking to man with bananas, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 4: Cows running from man carrying bananas, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 5: People talking to man carrying bananas, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 6: Sad man with bananas, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 7: Man going to town, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 8: Man travelling with bananas, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 9: Man taking bananas from tree, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 10: People looking at man with bananas, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license.

Disclaimer: https://www.storyweaver.org.in/terms_and_conditions

CC BY

Some rights reserved. This book is CC-BY-4.0 licensed. You can copy, modify, distribute and perform the work, even for commercial purposes, all without asking permission. For full terms of use and attribution, http://creativecommons.org/licenses/by/4.0/

PRATHAM BOOKS storyweaver

This book was made possible by Pratham Books' StoryWeaver platform. Content under Creative Commons licenses can be downloaded, translated and can even be used to create new stories - provided you give appropriate credit, and indicate if changes were made. To know more about this, and the full terms of use and attribution, please visit the following link.

Images Attributions:

Page 11: People looking at man, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 12: Cows looking at man with bananas, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 13: People staring at man with bananas, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 14: People at religious ceremony, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 15: Priest talking to confused man, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 16: Men talking, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 17: Two men talking, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 18: Religious ritual with priest and people, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 19: Scared man during religious ritual, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 20: People staring at man with bag, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 21: Priest looking at man with bag, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 22: Man offering priest a sweet, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license.

Disclaimer: https://www.storyweaver.org.in/terms_and_conditions

Some rights reserved. This book is CC-BY-4.0 licensed. You can copy, modify, distribute and perform the work, even for commercial purposes, all without asking permission. For full terms of use and attribution, http://creativecommons.org/licenses/by/4.0/

PRATHAM BOOKS storyweaver

This book was made possible by Pratham Books' StoryWeaver platform. Content under Creative Commons licenses can be downloaded, translated and can even be used to create new stories - provided you give appropriate credit, and indicate if changes were made. To know more about this, and the full terms of use and attribution, please visit the following link.

Images Attributions:

Page 23: Man thinking of bananas and packets, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 24: Surprised priest and laughing child, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 25: Priest and people laughing, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 26: Children looking at man with bananas, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license. Page 27: Man wheeling a pile of bananas, by Angie & Upesh © Pratham Books, 2010. Some rights reserved. Released under CC BY 4.0 license.

Disclaimer: https://www.storyweaver.org.in/terms_and_conditions

Some rights reserved. This book is CC-BY-4.0 licensed. You can copy, modify, distribute and perform the work, even for commercial purposes, all without asking permission. For full terms of use and attribution, http://creativecommons.org/licenses/by/4.0/

# કેળાં જ કેળાં.. ઘણાં બધાં કેળાં

(Gujarati)

શ્રીંગેરી શ્રીનિવાસના ખેતરમાં ઊગતાં મીઠાં મજાનાં કેળાં કોઇ ખરીદવા નહોતા માગતા. આ સરસ વાર્તા વાંચીને શોધો કે શ્રીંગેરીએ આ કેળાંનું શું કર્યું.

બીજા સ્તરની આ ચોપડી પરિચિત શબ્દો ઓળખી શકે અને કોઇની મદદથી નવા શબ્દો વાંચી શકે એવાં બાળકો માટે છે.


PRATHAM BOOKS storyweaver

Pratham Books goes digital to weave a whole new chapter in the realm of multilingual children's stories. Knitting together children, authors, illustrators and publishers. Folding in teachers, and translators. To create a rich fabric of openly licensed multilingual stories for the children of India and the world. Our unique online platform, StoryWeaver, is a playground where children, parents, teachers and librarians can get creative. Come, start weaving today, and help us get a book in every child's hand!